**MACP NO**.295/2015

**આંક–૧ લગત હુકમ,**

1. સદર કામે અરજદારનાઓએ સદર વળતર અરજી સામાવાળા નં.૧ દિગમ્બર ભામુભાઇ વસાવા તથા સામાવાળા નં.૨ હરશનભાઈ પોહનાભાઈ વસાવા વિરૂધ્ધ્ દાખલ કરેલી જેમાં સામાવાળા નં.૧ ને ડીલીટ કરવા આંક–૧૭ થી અરજદાર તરફે માંગણી કરતા તે અરજી મંજુર કરવામાં આવેલ જેથી સદર કામે સામાવાળા નં.૧ ને ડીલીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે સામાવાળા નં.૨ ને સમન્સ નોટીસ ઇસ્યુ કરતા તેઓ મરણ ગયેલ હોવાના આંક–૨૮ ના બેલીફશ્રીના તા.૨૩/૦૬/૨૦૨૫ ના શેરા સાથે પરત ફરેલ છે. સદર આંક–૨૮ બેલીફશ્રીનો શેરો વંચાણે લેતાં સામાવાળા નં.૨ તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ અવસાન પામેલા છે. સદર નોટીસ તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ બેલીફશ્રીના શેરા સાથે પરત ફરેલ છે. આમ, સદર કામે સામાવાળા નં.૨ મરણ ગયેલા હોય તેઓના વારસોને દિન ૯૦ માં જોડવા માટે કોઈ અરજી અરજદાર તરફે રજુ કરેલ નથી. આમ, સામાવાળા ન.૨ મરણજતા નિયત સમય મર્યાદામાં તેના કોઈ વારસો જોડવામાં આવેલ ન હોય સામાવાળા નં.૨ ને એબેટ જાહેર કરવામાં આવે છે. સદર કામે અન્ય કોઈ સામાવાળા રહેતા ન હોય સામાવાળા નં.૨ ને એબેટ કરેલ હોય સદર કામ તે રીતે ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૨૩ જી, માહે જુન સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૬/૨૦૨૬
સ્થળ : ભરૂચ

MPB

(વી.બી.રાજપુત)
મોટર એકસીડન્ટ કલેઈમ
ટ્રીબ્યુનલ(સહાયક),
ભરૂચ.
(U.I.CODE-GJ00692)